| | |
|---|---|
| દાખલ થયા તા . | ૨૩/૦૧/૨૦૧૯ |
| રજુ કર્યા તા. | ૨૩/૦૧/૨૦૧૯ |
| ફેંસલ કર્યા તા. | ૨૬/૦૬/૨૦૨૨ |
| સમય મર્યાદા | વર્ષ– માસ– દિવસ– |

**મે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે ,કોર્ટ નં. ૦૧, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. :–૭૦૮૩/૨૦૧૯**

ફરીયાદી :– સરકાર

વિરુધ્ધ.

આરોપી :– સુરેશભાઈ મોહનજી ચૌહાણ ઉ.વ. ૩૨

રહે. મોટા ઠાકોરવાસ, સૈજપુર કૃષ્ણનગર, અમદાવાદ

**ગુન્હો:–ધી પ્રોહી એકટની કલમ– ૬૬(૧) (બી) ૮૫ મુજબ.**

**ફરીયાદી તરફે : વિ. વ.શ્રી એમ.એમ. મેકવાન**

**આરોપી તરફે : વિ. વ. –––––**

**જજમેન્ટ**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ ગેરકાયદેસર જાહેરમાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં બિભત્સ વર્તન કરતાં મળી આવેલ તે મતલબની ફરીયાદ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગુ.રજી. નં ૫૩૭૨/૨૦૧૮ થી નોંધાતાં અને આગળની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ધી પ્રોહી એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫મુજબનું હાલનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મૂલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપી સામે આંક–૨ થી તહોમતનામું ફરમાવી આંક–૩ થી પ્લી લેતાં, ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સામે ઇન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે

રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઇ કારણ નથી આથી આરોપીને હવે કલમ-૬૬(૧)(બી), ૮૫ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળતા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે. આ કામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષના ૨૦૦૫(૧)જી.એલ.આર.પેજનં.૭૦૯ પરનો સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરલાલ હરીચંદ્ જી.ઠાકોરના કેસનો ચુકાદો ધ્યાને લેતાં પુરતાં વ્યાજબી કારણો હોયતો કેસના સંજોગો ધ્યાને લઇ આરોપીને કાયદામાં કરેલ ન્યુનતમ સજા કરતા હળવી સજા કરવાની સત્તા રહેલ છે.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા કરવામાં આવેતો રીઢા ગુનેગારોના સંપર્કમા આવે જેથી તેના જીવન પર વિપરીત અસર થાય તેમ છે આથી આરોપીને કાયદાનુસાર સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આરોપીને ધી પ્રોહી એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂ.**૨૦૦-(બસો** રૂપિયા)નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન-૩૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૬-૦૬-૨૦૨૨ના રોજ સ્પેશીલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date. 26/06/2022**
**Place:SPECIAL SITTING AHMEDABAD**

**(MR.SANJAY BABULAL SHAH)**
**GJ-00755**
**ADDI.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEDABAD**